# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર અનીલ પટેલ વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારના ભાગલપુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 19મો હપ્તો જાહેર કરશે.

2) પ્રધાનમંત્રી આજે મધ્યપ્રદેશ તથા આસામના પ્રવાસેઃ મધ્યપ્રદેશનાં ભોપાલમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું ઉદઘાટન કરશે.

3) પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમમાં અત્યાર સુધીમાં 62 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ આસ્થાની ડૂબકી લગાવી.

4) દિલ્હી વિધાનસભાનું પ્રથમ સત્ર આજથી શરૂ થશે: ગૃહના નવા ચૂંટાયેલા સભ્યોને શપથ ગ્રહણ કરાવવામાં આવશે.

5) ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં, ભારત પાકિસ્તાનને છ વિકેટે હરાવીને સેમિ ફાઇનલમાં અને, વિમેન્સ પ્રીમિયર લીગ ક્રિકેટમાં, આજે આરસીબી અને યુપી વોરિયર્સ વચ્ચે મુકાબલો.

.............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# MODI - PM KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારના ભાગલપુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો 19મો હપ્તો જાહેર કરશે.

આ યોજના અંતર્ગત જમીનધારક ખેડૂતોને 3 સમાન હપ્તામાં વાર્ષિક 6 હજાર રૂપિયા આપવામાં આવે છે. દેશભરના 731 કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં પણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જેમાં લગભગ અઢી કરોડ ખેડૂતો આ કાર્યક્રમમાં રૂબરૂ અથવા વર્ચ્યુઅલ રીતે જોડાશે.

કાર્યક્રમની વિગતો આપતા કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓ વિશે જાગૃતિ લાવવા માટે આ દિવસને 'કિસાન સન્માન સમારોહ' તરીકે ઉજવવામાં આવશે. તેમણે કહ્યું કે, સમગ્ર દેશમાં 9.8 કરોડથી વધુ ખેડૂતોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા 22 હજાર કરોડ રૂપિયાથી વધુની આર્થિક સહાય મળશે. તેમણે કહ્યું કે, PM-KISAN યોજના હેઠળ દેશના 11 કરોડથી વધુ ખેડૂત પરિવારોને અત્યાર સુધીમાં 3.46 લાખ કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કરવામાં આવ્યું છે.

# PM-PM AND ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશ તથા આસામના પ્રવાસે જશે. શ્રી મોદી મધ્યપ્રદેશનાં ભોપાલમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું ઉદઘાટન કરશે. કાલિયાસોટ ડેમ નજીક બાંધવામાં આવેલા નવનિર્મિત ટેન્ટ સિટીમાં આયોજિત 2 દિવસનાં શિખર સંમેલનમાં ફાર્મા અને મેડિકલ ઉપકરણો, પરિવહન

અને લોજિસ્ટિક્સ, ઉદ્યોગ, કૌશલ્ય વિકાસ, પ્રવાસન અને MSMES પર વિભાગીય સમિટ અને વિશેષ સત્રો યોજાશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરથી આસામના 2 દિવસનાં પ્રવાસે જશે. પ્રધાનમંત્રી આજે ગુવાહાટીમાં ઝુમોઇર બિનંદિની કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ આવતીકાલે 'એડવાન્ટેજ આસામ 2.0 ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમિટ'નું ઉદ્ઘાટન કરશે.

ગૌહતીના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, પ્રધાનમંત્રી ગૌહતીમાં આજે સાંજે મેગા ઝુમુર નૃત્ય નિહાળશે. 8 હજાર 500થી વધુ આદિવાસી કલાકારો આ નૃત્ય રજૂ કરશે.

પ્રધાનમંત્રી આજે સાંજે બીજા એડવાન્ટેજ આસામ શિખર સંમેલનમાં આયોજિત પ્રદર્શનનું પણ ઉદઘાટન કરશે અને આવતીકાલે સવારે આ સંમેલનનાં સત્રનું ઉદઘાટન કરશે.

# MAHAKUMBH

અને હવે મહાકુંભ અંગેનાં સમાચાર..

## (KUMBH OPENING MUSIC)

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં દરરોજ લાખો ભક્તો આવી રહ્યા છે. ત્રિવેણી સંગમમાં અત્યાર સુધીમાં 62 કરોડ 6 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ગઈકાલે લગભગ 1 કરોડ 32 લાખ શ્રદ્ધાળુઓએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી જેમાં અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સામેલ છે. ઉત્તરાખંડનાં રાજ્યપાલ ગુરમિત સિંહ, ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી, લોકસભાના સાંસદ અને ભાજપના નેતા સંબિત

પાત્રા, પ્રસિધ્ધ ગાયક કૈલાશ ખેર, ફિલ્મકાર બોની કપૂર અને શંકરાચાર્ય ભારતી તીર્થ મહાસ્વામીજીએ પવિત્ર ડૂબકી લગાવી હતી.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધીનો અહેવાલઃ

(BYTE MAHA KUMBH)

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ ખાતે યાત્રીઓને મુસાફરીનાં સગવડદાયક વિકલ્પો પૂરા પાડવા ભારતીય રેલવે સતત પ્રયત્નશીલ છે. કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ પણ રેલવે બોર્ડ ખાતે સ્થપાયેલા વોર રૂમ ખાતેથી પરિસ્થિતિ પર દેખરેખ રાખી રહ્યા છે. રેલવે મંત્રાલય ટિકિટ વેચાણ અને ભીડ પર સતત દેખરેખ રાખી રહ્યું છે.

## MEA-WOMEN-PEACEKEEPER-CONFERENCE

ગ્લોબલ સાઉથના સંદર્ભમાં મહિલા શાંતિ રક્ષકોની ભૂમિકા અંગે પ્રથમ પરિષદનો આજે નવી દિલ્હીમાં પ્રારંભ થશે.

બે દિવસની આ પરિષદનું આયોજન વિદેશ મંત્રાલય દ્વારા સંરક્ષણ મંત્રાલય અને સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સંરક્ષણ કેન્દ્રના સહયોગથી કરાયું છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આ પરિષદને સંબોધન કરશે. સંયુક્ત રાષ્ટ્ર શાંતિ અભિયાનના અંડર-સેક્રેટરી-જનરલ, જીન-પિયર લેક્રોઇક્સ પણ આ પરિષદમાં ભાગ લેશે.

**ગ્લોબલ સાઉથના 35 દેશોની મહિલા શાંતિ રક્ષકો આ પરિષદમાં ભાગ લે તેવી શક્યતા છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર મહિલા શાંતિ રક્ષકો રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# ARMY CHIEF - FRANCE VISIT

**લશ્કરના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી ભારત-ફ્રાન્સના સંરક્ષણ સહયોગને વધારવાના પ્રયાસોનાં ભાગરૂપે આજે ફ્રાંસની તેમની 4 દિવસની સત્તાવાર મુલાકાત શરૂ કરશે. જનરલ દ્વિવેદી પેરિસના લેસ ઇનવેલિડ્સમાં ફ્રેન્ચ લશ્કરના વડા જનરલ પિયર શિલ સાથે ચર્ચા કરતા પહેલા ગાર્ડ ઓફ ઓનર પ્રાપ્ત કરશે.**

આ બેઠકનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે મજબૂત સૈન્ય સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે. આવતીકાલે, જનરલ દ્વિવેદી માર્શે જશે, જ્યાં તેઓ ફ્રેન્ચ લશ્કરનાં વિભાગની મુલાકાત લેશે.

ગુરુવારે તેઓ પ્રથમ વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોના સન્માનમાં પુષ્પાંજલિ અર્પણ કરવા ન્યુવે ચેપલ ઈન્ડિયન વોર મેમોરિયલની મુલાકાત લેશે.

# DELHI CM- ASSEMBLY

દિલ્હીની આઠમી વિધાનસભાનું પ્રથમ સત્ર આજથી શરૂ થશે. સત્રના પ્રથમ દિવસે ગૃહના નવા ચૂંટાયેલા સભ્યોને શપથ ગ્રહણ કરાવવામાં આવશે. વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી પણ આજે જ થશે. સત્રના બીજા દિવસે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના ગૃહને સંબોધિત કરશે અને અગાઉની સરકારના કામકાજ સાથે સંબંધિત CAG રિપોર્ટ પણ રજૂ કરવામાં આવશે.

શ્રી સક્સેનાએ ધારાસભ્ય અરવિંદર સિંહ લવલીને વચગાળાના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. શ્રી સિંહ નવા ચૂંટાયેલા ધારાસભ્યોને શપથ લેવડાવશે.

દરમિયાન, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ ગઈકાલે કહ્યું કે, ત્રણ દિવસનાં વિધાનસભા સત્રમાં CAG રિપોર્ટ રજૂ કરવો એ સૌથી મહત્વપૂર્ણ પાસું હશે.

# IND VS PAK- ICC CHAMPIONS TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં, ગઈકાલે ભારતે તેનાં કટ્ટર હરીફ પાકિસ્તાનને 6 વિકેટે પરાજય આપ્યો હતો. ગઈકાલે રાત્રે દુબઇ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ભારત પાકિસ્તાને જીત માટે આપેલા 242 રનનાં લક્ષ્યાંકને સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. 'પ્લેયર ઓફ ધ મેચ' વિરાટ કોહલીએ અણનમ 100 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. શ્રેયસ ઐયરે 56 અને શુભમન ગીલે 46 રન કર્યા હતા. પાકિસ્તાન વતી શાહીન આફ્રિદીએ 2 વિકેટ લીધી હતી.

અગાઉ પાકિસ્તાને ટોસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. જો કે, ભારતે પાકિસ્તાનને શરૂઆતથી જ દબાણમાં રાખતાં ટીમ 49.4 ઓવરમાં 241 રનનો સામાન્ય સ્કોર બનાવી શકી હતી. સઉદ શકીલે 62 અને મોહમ્મદ રિઝવાને 46 રન કર્યા હતા. કુલદીપ યાદવે 3 અને હાર્દિક પંડ્યાએ 2 વિકેટ લીધી હતી.

આ સાથે ગ્રૂપ Aમાં સેમિ ફાઇનલમાં ભારતનું સ્થાન નિશ્ચિત બન્યું છે, જ્યારે પાકિસ્તાન તેની બંને મેચ હારી ચૂકી હોવાથી તેની શક્યતા ધુંધળી છે.

દરમિયાન, વિરાટ કોહલીએ એક દિવસની આંતરરાષ્ટ્રીય મેચોમાં ઝડપી 14 હજાર રન બનાવવાનો વિક્રમ સર્જ્યો છે. તેમણે મોહમ્મદ અઝરુદ્દીનના 156 રનનાં કેચનો વિક્રમ પણ તોડ્યો હતો. 158 કેચ સાથે કોહલી વન-ડે મેચોમાં ભારતનાં સૌથી વધુ કેચ લેનાર ખેલાડી બન્યા છે.

ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય મંત્રીઓએ પાકિસ્તાન સામે ભવ્ય જીત બદલ અભિનંદન પાઠવ્યા છે. આજે ગ્રૂપ Aમાં ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાશે. પાકિસ્તાનનાં રાવલપિંડીમાં બપોરે અઢી વાગે મેચ શરૂ થશે.

# WPL

વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) ક્રિકેટમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ આજે સાંજે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં યુપી વોરિયર્સ સામે ટકરાશે. મેચ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે.

સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની RCB હાલમાં પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે, તેણે તેમની ત્રણ માંથી બે મેચ જીતી છે, જ્યારે દીપ્તિ શર્માની આગેવાની હેઠળની યુપી વોરિયર્સ માત્ર એક જ જીત સાથે પાંચમા સ્થાને છે.

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા</u>

- **I.C.C** ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિરાટ કોહલીએ સદી બનાવી તે સમાચારને મોટા ભાગના અખબારોએ મુખ્યમથાળામાં લીધા છે. ગુજરાત સમાચાર લખે છે, કોહલીની વિરાટ સદીઃ ભારતે પાકિસ્તાનને પછાડ્યું. નવગુજરાત સમયે “કિંગ કોહલીની સદી, પાકિસ્તાનને કચડી ભારતે સેમિ-ફાઈનલમાં”ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. સંદેશ લખે છે, પાકિસ્તાન આઉટ, ભારતનો 6 વિકેટે વિજય. ફૂલછાબ લખે છે, ભારતનો વિજયકુંભઃ પાકિસ્તાને મારી હારની ડૂબકી. દિવ્ય ભાસ્કર લખે છે. ભારતનો વિરાટ શૉ, પાકિસ્તાનની ઘરવાપસી.

- રાજસ્થાન પત્રિકાનું મુખ્યશીર્ષક છે, અહમદાબાદ મેં આઠ ઔર નૌ અપ્રેલ કો **A.I.C.C.** કા રાષ્ટ્રીય અધિવેશન. પીએમ મોદી કે ગુજરાત સે કોંગ્રેસ ભરેગી હુન્કાર.

- ગુજરાત સમાચાર છેલ્લા પાના પર લખે છે, સી-પ્લેનનું બાળમરણ થયું, હવે રિવરફ્રન્ટ પરથી એર ટૅક્સી ઉડશે.

- નવગુજરાત સમય સ્થાનિક પાના પર લખે છે, ગુજરાત યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગની કામગીરી શંકાના દાયરામાં, બે વર્ષથી **R.T.I.**નો જવાબ આપતા નથી.